eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 177
January 23, 2009

## માહે જાન્યુઆરી ૨૦૦૮–૦૯ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં જાન્યુઆરી માસ દરમ્યાન ૩૫૮૪ ઈન્ડોર તથા ૪૦૭૮૩ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૯૨૫ તથા ૬૬૬ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૬૨૭૯ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન(રાંદેર) ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમઝોન(રાંદેર) માં આવેલ ટી.પી.સ્કીમ નં.૩૨(અડાજણ) ના ફા.પ્લોટ નં. ૭૩ સ્વીટ રેસીડન્સી એપાર્ટમેન્ટ બિલ્ડીંગ નંબર –એ માં સુરત મહાનગરપાલિકાની ટી.ડી.ઓ. નં. ૨૦૪, તા. ૧/૧૧/૯૯ થી મંજુર થયેલ પ્લાન વિરુધ્ધનું ત્રીજા માળે મિલકતની ઉત્તરે ઓપન ટેરેસવાળા ભાગમાં આશરે ૧૪' × ૧૯' ના માપ વિસ્તાર ચણતરની દિવાલો લઈ તેની ઉપર લોખંડની ગંડરો મુકી છતના ભાગે સીમેન્ટના પતરા બેસાડી રૂમો બનાવેલ હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ઉધના ઝોનની કામગીરી

સાઉથ ઝોન (ઉધના)માં તા. ૧૨/૨/૦૯ ના રોજ લારી ગલ્લા ઝુંબેશ દરમ્યાન કુલ ૮૦ લારી / ગલ્લા વિગેરે દબાણ દૂર કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ)ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા.૧૭/૦૨/૨૦૦૯ નાં રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે જાન્યુઆરી ૨૦૦૮–૦૯ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં જાન્યુઆરી માસ દરમ્યાન ૩૫૮૪ ઈન્ડોર તથા ૪૦૭૮૩ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૯૨૫ તથા ૬૬૬ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૬૨૭૯ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૩૩૯ અને જુના ૪૨૧ દર્દીઓ સહીત કુલ ૭૬૦ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૮૮૦ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૧૦૧ તથા આંખ વિભાગમાં ૩૩૫૭ આઉટડોર દર્દીઓ નોંધ્યા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૦૨૦૧ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## પશ્ચિમ ઝોન(રાંદેર) ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમઝોન(રાંદેર) માં આવેલ ટી.પી.સ્કીમ નં.૩૨(અડાજણ) ના ફા.પ્લોટ નં. ૭૩ સ્વીટ રેસીડન્સી એપાર્ટમેન્ટ બિલ્ડીંગ નંબર –એ માં સુરત મહાનગરપાલિકાની ટી.ડી.ઓ. નં. ૨૦૪, તા. ૧/૧૧/૯૯ થી મંજુર થયેલ પ્લાન વિરુધ્ધનું ત્રીજા માળે મિલકતની ઉત્તરે ઓપન ટેરેસવાળા ભાગમાં આશરે ૧૪' × ૧૯' ના માપ વિસ્તાર ચણતરની દિવાલો લઈ તેની ઉપર લોખંડની ર્ગડરો મુકી છતના ભાગે સીમેન્ટના પતરા બેસાડી રૂમો બનાવેલ હતી. જેથી પશ્ચિમ ઝોન(રાંદેર) તરફથી ટી.ડી.ઓ.નં. ૩૩, તા. ૨૦/૦૧/૦૯ થી મનાઈ હુકમ તેમજ ટી.ડી.ઓ.નં. ૩૪, તા. ૨૦/૦૧/૦૯ થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ હતી. તેમ છતાં મિલકતદારે સ્થળ ઉપરનું ગેરકાયદેસર બાંધકામ દુર કરેલ નહી. જેથી આજરોજ તા. ૧૩/૦૨/૦૯ થી મિલકતદાર શ્રી જયેશભાઈ એ. રાઠોડ ને કલમ –૩૮૭ મુજબની એન્ટ્રી નોટીસ બજાવી સ્થળ ઉપરનું તમામ આશરે ૩૦૦ ચો.ફુટનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ છે. તેમજ મિલકતદારે ઈજનેરી વહીવટી ચાર્જ તેમજ ડીમોલીશન ચાર્જ ભરવાની સંમતિ ન દર્શાવતા સ્થળ ઉપરનો સામાન જપ્ત કરવામાં આવેલ છે.

વધુમાં જહાંગીરપુરાથી સાયણ ચેકપોસ્ટ તરફ જતા રસ્તા ઉપર ડ્રેનેજના પાઈપો નાંખવાની કામગીરી હાલમાં ચાલુ છે. આ રસ્તાને આઉટર રીંગરોડ તરીકે જાહેર કરવામાં આવતા આ વિસ્તારની ટી.પી.સ્કીમમાં પણ ૯૦.૦૦ મી. પહોળાઈનો ટી.પી. રસ્તો સુચવવામાં આવે છે. આ રસ્તા ઉપર ગુજરાત પાણી પુરવઠા નિગમ થી આગળ આવેલ ખોડીયાર માતાના મંદિરની સામે માલધારીઓના તબેલા તથા આર.સી.સી. સ્ટ્રકચર વિગેરેનું બાંધકામ ઉકત ડ્રેનેજ લાઈન નાંખવાના કામમાં નડતરરૂપ હતું. જે બાંધકામ પશ્ચિમઝોનના શહેર વિકાસ / દબાણ વિભાગ મારફત દુર કરી ટી.પી. રસ્તા પૈકીની આશરે ૮૦૦૦ ચો.મી. જમીન ખુલ્લી કરી ડ્રેનેજના પાઈપ લાઈન નાંખવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. ટી.પી. રસ્તાનો ઉકત ભાગ આગળ બોટલનેક થતુ હોવાથી આ ભાગમાં મેટલ ગ્રાઉટીંગ કરી રસ્તાને પહોળો કરવાની કામગીરી તાકીદના ધોરણે હાથ ધરવામાં આવનાર છે.

ઉપરોકત કામગીરી મા.ઝોનલ ચીફશ્રી સૂચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ પશ્ચિમ ઝોનના શહેર વિકાસ / દબાણ વિભાગના સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

TOP

## ઉધના ઝોનની કામગીરી

(૧) સાઉથ ઝોન (ઉધના)માં તા. ૧૨/૨/૦૯ ના રોજ લારી ગલ્લા ઝુંબેશ દરમ્યાન કુલ ૮૦ લારી / ગલ્લા વિગેરે દબાણ દૂર કરવામાં આવેલ છે.

(૨) તા. ૧૩/૨/૦૯ બમરોલી ૧૫૦' ના રોડ ઉપર બમરોલીના બ્લોક નં. ૨૪૪ પૈકી સબ પ્લોટ નં. ૪૭ થી ૫૦ દિપકનગરમાં આશરે ૧૩.૮૦ × ૧૪.૩૦ મી. માપ વિસ્તારમાં દુકાનો બનાવવા હેતુસર શરૂ કરેલ ચણતર કામ સહિતનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૩) તા. ૧૩/૨/૦૯ ના રોજ સાઉથ ઝોન (ઉધના) નાં આરોગ્ય વિભાગ ધ્વારા પટેલનગર હેડગેવાર વસાહતમાં લાયસન્સ વગર બકરા – મરઘીનું મટન વેચાણ કરતી કુલ ૧૩ દુકાનો બંધ કરાવેલ છે.

ઉપરોકત કામગીરી સાઉથ ઝોનનો દબાણ સ્ટાફના સહકારથી કરવામાં આવેલ છે.

TOP

## નોર્થ ઝોન (કતારગામ)ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા.૧૭/૦૨/૨૦૦૯ નાં રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

મોજે અમરોલી, રે.સ.નં. ૧૮ માં મિલકતદાર ધ્વારા બાંધવામાં આવેલ ચોથા માળનું આર.સી.સી સ્લેબનું આશરે ૩૦૦ ચો. ફુટનું બિનઅધિકૃત બાંધકામ દુર કરવામાં આવેલ છે. અને વહીવટી ખર્ચ પેટે રૂા. ૫૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ટી .પી . સ્કીમ નં. ૨૪ (ટુંકી) માં વેડ રોડ પર મોતી ડાઈંગની બાજુમાં રોડ તરફે માર્જીનની જગ્યામાં મિલકતદાર ધ્વારા ચણતર કરીને તથા છત પર પતરાં નાંખી બનાવવામાં આવેલ બિનઅધિકૃત બે દુકાનોનું આશરે ૨૫૦ ચો. ફુટનું બાંધકામ દુર કરવામાં આવેલ છે.

તાપી નદીપાળાના વિકાસના કામમાં નડતરરૂપ હળપતિવાસ (એન–૪૧) ના માન્ય યાદીના ૨૮ લાભાર્થીઓને, રાજીવનગર (વણઝારાવાસ) (એન–૪૨) ના માન્ય યાદીના –૩૫ તથા હટસ ઓફ રીવલવોલ (છાપરાભાઠા –નં. ૨૦) (એન –૪૫) ના માન્ય યાદીના ૩૧મળી કુલ ૯૪ લાભાર્થીઓને મોજે કોસાડના પ્લોટ નં. એચ –૧, બ્લોક નં. ૧૦૧, ૧૦૨ ના આવાસમાં સ્થળાંતર કરાવવા તારીખ :–૧૮/૦૨/૨૦૦૯ બુધવાર, સવારે : ૧૦.૩૦ કલાકે, કોમ્યુનીટી હોલ, કતારગામ ખાતે ડ્રો રાખવામાં આવેલ.જેમાં સદર ફલેટનો ઉપયોગ બાબતે ડેપ્યુટી કમિશ્નરશ્રી (જન.) મહેશસીંઘે દરેક લાભાર્થીને ફલેટમાં રહેવા બાબતની વિસ્તૃત સમજ આપી શહેર વિકાસમાં સહાયરૂપ થવા જણાવેલ. સદર ડ્રોમાં લાભાર્થીઓએ હર્ષભેર ટેનામેન્ટ મળતાં પોતાની ખુશાલી વ્યકત કરેલ.

TOP